# Official Spokesperson's response to media queries on a press release no. 238/2020 dated 4th June 2020 by Pakistan Foreign Office

June 05, 2020

## પાકિસ્તાનની વિદેશ કચેરી દ્વારા તારીખ 4 જૂન 2020 નાં રોજ પ્રકાશિત કરવામાં આવેલા પ્રેસ રીલીઝ નં. 238/2020 પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

જૂન 05, 2020

**પાકિસ્તાનની વિદેશ કચેરી દ્વારા તારીખ 4 જૂન 2020 નાં રોજ પ્રકાશિત કરવામાં આવેલા પ્રેસ રીલીઝ પર મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું:**

"પાકિસ્તાનનું વિદેશ મંત્રાલયને સારી રીતે યાદ હશે કે તેઓનાં વડાપ્રધાને ગત વર્ષે કબૂલ કર્યું હતું કે પાકિસ્તાને હજું પણ 30,000 થી 40,000 આતંકવાદીઓને આશરો આપેલો છે. પાકિસ્તાનની આગેવાની રેકોર્ડ પર પણ સ્વિકાર કરી રહી છે કે અન્ય દેશો પર આતંકવાદી હુમલાઓ કરવા માટે આતંકવાદીઓએ દેશની ભૂમીનો ઉપયોગ કર્યો હતો.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં વિશ્લેષણાત્મક સહાયતા અને પ્રતિબંધોની દેખરેખની ટીમનાં અહેવાલમાં પણ પાકિસ્તાનનાં વડાપ્રધાને અગાઉ કબૂલાત કરી તેનું પુનઃઉચ્ચારણ કરવામાં આવ્યું છે. આ અહેવાલ પર આક્રમણો કરવાને બદલે, પાકિસ્તાને આત્મનિરિક્ષણ કરવું જોઈએ અને તેનાં નિયંત્રણમાં રહેલા પ્રદેશોમાંથી બહાર નીકળી રહેલા આતંકવાદને કોઈપણ પ્રકારનું સમર્થન આપવાનું બંધ કરવું જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રિય સમુદાય એ વાસ્તવિકતાથી સારી રીતે પરિચિત છે કે પાકિસ્તાન આતંકવાદનું ચેતા કેન્દ્ર છે. તે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા આતંકવાદીઓ અને આતંકવાદી સંસ્થાઓ પૈકી સૌથી મોટી સંખ્યામાં આતંકવાદીઓ અને આતંકવાદી સંસ્થાઓને આશરો આપેલો છે. અન્યો પર આંગલી ચિંધવાનાં તેનાં ભ્રામક પ્રયાસો જમીન પરનાં તથ્યો પરથી ધ્યાન વિચલિત કરી શકતા નથી.

વધુમાં, ભારત અને અફઘાનિસ્તાનનાં લોકો વચ્ચેનાં પરંપરાગત અને મૈત્રીપૂર્ણ સંબંધોમાં વિભાજન કરવાનાં પાકિસ્તાનનાં પ્રયાસો સફળ નહીં થાય. અફઘાનિસ્તાન અને આંતરરાષ્ટ્રિય સમુદાય સારી રીતે વાકેફ છે કે 'બગાડનાર' કોણ છે, અને કોણ આતંકવાદીઓને આશરો, તાલીમ, શસ્ત્રો અને નાણા આપી રહ્યું છે અને નિર્દોશ અફઘાન અને આંતરરાષ્ટ્રિય સમુદાયનાં સભ્યો સામે હિંસાને પ્રોત્સાહન આપી રહ્યું છે."

**નવી દિલ્હી**
**જૂન 05, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.